# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

ડી.પી.શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય., ગાંધીનગર–૩૮૨૦૧૦


**ક્રમાંકઃ કડ૫/કોઝન્ટ પે રોલ કામગીરી/૨૦૨૩/ 14372-14734** **તા. ૨૨/૧૧/૨૦૨૩.**

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**અનુદાનિત કોલેજો તમામ,**

**વિષયઃ**– કોઝન્ટ પે રોલ મોડયુલમાં અનુદાનિત કોલેજોના પગાર બીલ તેમજ અન્ય એરીયર્સ બીલો ઓન લાઈન કરી રજુ કરવા બાબત.

**સંદર્ભઃ**–(૧)આ કચેરીનો પત્રક્રમાંકઃકડ૫/કોઝન્ટ પેરોલ કામગીરી/૨૦૨૩/૧૩૦૭૩–૪૫૦,તા.૧૭/૧૦/૨૦૨૩.
(૨)આ કચેરીનો પત્રક્રમાંકઃકડ૫/કોઝન્ટ પેરોલ કામગીરી/૨૦૨૩/૧૩૪૫૭–૮૩૪,તા.૧૮/૧૦/૨૦૨૩.
(૩)આ કચેરીનો પત્રક્રમાંકઃકડ૫/કોઝન્ટ પેરોલ કામગીરી/૨૦૨૩/**૧૩૯૬૫–૧૪૩૨૭,** તા.૦૧/૧૧/૨૦૨૩.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભપત્રો અન્વયે જણાવવાનું કે,રાજયની અનુદાનિત કોલેજોના કર્મચારીઓના પગાર અને અન્ય ભથ્થાઓનું ચૂકવણું શિ.વિ.ના કોઝન્ટ પે રોલ મોડયુલમાં માહે સપ્ટે–૨૩ પેઈડ ઈન ઓકટોમ્બરથી શરૂ કરવામાં આવેલ છે.સદર્ભ–૧ થી ૩ ના પત્રોથી કોલેજો તેમના કર્મચારીઓના પગાર બીલ ઉપરાંત અન્ય બીલોની કામગીરી ક્ષતિ રહિત કરી શકે તે માટે માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરી પે રોલમાં કાર્યવાહી કરવા તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવેલ છે.

આ કચેરીના તા.૧૮/૧૦/૨૦૨૩ના પત્રથી પગારબીલો સિવાયના અન્ય તમામ પ્રકારના બીલોની કામગીરી પણ કોઝન્ટ પે રોલ મોડયુલમાં હાથ ધરવાના આયોજન માટે **તમામ પ્રકારના મેન્યુઅલી બીલો (વાંધામાં પરત મળેલ હોય તે સહિતના)બીજી સુચના ન મળે ત્યાં સુધી કોલેજોને રજુ ન કરવા માટે જણાવવામાં આવેલ.** ત્યાર બાદ આ કચરીના તા.૧/૧૧/૨૦૨૩ના પત્રથી કોલેજોને પગારબીલો સિવાયના અન્ય કુલ–૬(છ)પ્રકારના બીલોનો પ્રોગ્રામ પે રોલ મોડયુલમાં શરૂ કરી બીલો ઓનલાઈન કરી રજુ કરવા માટે જણાવવામાં આવતાં કોલેજો દવારા આ કામગીરી પણ ખુબ સફળતા પુર્વકની રહેલ છે.

આમ,અનુદાનિત કોલેજોના/સંસ્થાઓના માસિક પગારબીલની જેમ અન્ય તમામ પ્રકારના તફાવતના બીલોની કામગીરી પણ કોઝન્ટ પે રોલ મોડયુલમાં જ ટુંક સમયમાં હાથ ધરવામાં આવનાર હોવાથી કોલેજો તરફથી રજૂ થતા વિવિધ પ્રકારના બીલોમાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે અને ચૂકવણા સબંધિત કામગીરીના નિયમન માટે બીલનો પ્રકાર અને કોડ નકકી કરવા આવશ્યક જણાયેલ છે.કોલેજો તેમના કર્મચારીઓના વિવિધ પ્રકારના તફાવતના બીલો કોઝન્ટ પે રોલ મોડયુલના નિયત બીલના ફોરમેટ સાથે બીલ તૈયાર કરીને ઓનલાઈન જનરેટ બીલની પ્રિન્ટ કોપી સાથે બીલ રજૂ કરી શકે તે માટે અત્રેથી રેગ્યુલર કર્મચારીઓ માટે કુલ–૧ થી ૧૨ અને નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન પામેલ કર્મચારીઓ માટે કુલ–૧૩ થી ૧૮ બીલોના પ્રકાર નકકી કરવામાં આવેલ છે. કોઝન્ટ પેરોલ મોડયુલમાં કુલ–૧ થી ૧૮ પ્રકારના બીલોનો પ્રોગ્રામ ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. કોલેજોએ હવે પછી કુલ–૧ થી ૧૮ પ્રકારના બીલો કોડ અને બીલના પ્રકાર મુજબ જ કોઝન્ટ પે રોલ મોડયુલમાં બીલ તૈયાર કરીને ઓનલાઈન જનરેટ બીલની પ્રિન્ટ કોપીમાં આચાર્યશ્રીના સહી/સિકકા કરી લાગુ પડતા આધારો સહિત રજૂ કરવા આથી અનુદાનિત કોલેજોના/સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે. કોલેજના આચાર્યશ્રીઓએ પગાર બીલ તેમજ અન્ય તમામ પ્રકારના તફાવતના બીલો તૈયાર કરવા માટે નીચેની સુચનાઓનું અચૂક પાલન કરી કામગીરી કરવાની રહેશે.

( હૃદય ઉપાધ્યાય )

| વિભાગ–એ (રેગ્યુલર કર્મચારીઓ) | |
|---|---|
| ક્રમ | બીલ કોડ અને/બીલનો પ્રકાર |
| ૧ | A-૦૦૧– માસિક રેગ્યુલર પગાર બીલ |
| ૨ | A-૦૦૨– પગાર તફાવત બીલ<br>(કોલેજ ફેરબદલી બાકી પગાર તફાવત બીલ, અન્ય પગાર તફાવતનું બીલ) |
| ૩ | A-૦૦૩– મોઘવારી તફાવત બીલ |
| ૪ | A-૦૦૪– સીએએસ પગાર એરીયર્સ બીલ |
| ૫ | A-૦૦૫– ઉ.પ.ધો.પગાર એરીયર્સ તફાવત બીલ |
| ૬ | A-૦૦૬– ફીકસ પગારમાંથી ફુલ પગારમાં આવેલ કર્મચારીનું બાકી સમયગાળાનું પગાર તફાવત બીલ |
| ૭ | A-૦૦૭– નવા નિમાયેલ સહાયક કર્મચારીનું બાકી સમયગાળાનુંપગારનું તફાવત બીલ |
| ૮ | A-૦૦૮– આરઓપી–૦૬ માંથી આરઓપી–૦૭ નું પગાર તફાવત બીલ |
| ૯ | A-૦૦૯– ટી.એ.એરીયર્સ તફાવતનું બીલ. |
| ૧૦ | A-૦૧૦– એલ ટી સી બીલ |
| ૧૧ | A-૦૧૧– પાર્ટ ટાઈમ કર્મચારીનું સુધારેલ નવા દરો મુજબ બાકી સમયગાળાનું તફાવત બીલ |
| ૧૨ | A-૦૧૨– બોનસ બીલ |
| વિભાગ–બી (નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન પામેલ કર્મચારીઓ) | |
| ૧૩ | B-૦૧૩– રજા રોકડ બીલ (નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન) |
| ૧૪ | B-૦૧૪– રજા રોકડનું તફાવત બીલ (નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન) |
| ૧૫ | B-૦૧૫– મોઘવારી તફાવત બીલ (નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન) |
| ૧૬ | B-૦૧૬– સીએએસ પગાર એરીયર્સ બીલ (નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન) |
| ૧૭ | B-૦૧૭– ઉ.પ.ધો.પગાર એરીયર્સ તફાવત બીલ (નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન) |
| ૧૮ | B-૦૧૮– પગાર અને અન્ય ભથ્થાઓનું તફાવત બીલ (નિવૃત/સ્વૈ.નિવૃત/અવસાન) |

**સુચનાઓ:–**

(૧) કોલેજના આચાર્યશ્રીઓએ માહે સપ્ટેમ્બર–૨૩ પહેલાના ઇન્ડેક્ષ–બી તરફથી જનરેટ થયેલ તમામ માસ વાર તથા વર્ષવાર પગાર બીલોની પ્રિન્ટ કરી રેકર્ડ ઉપર રાખવાની રહેશે.જેથી ભવિષ્યમાં થનાર આડિટ સમયે તેમજ કાયદાકીય બાબતો માટે રેકર્ડમાં રાખી શકાય.

(૨) માહે સપ્ટેમ્બર–૨૩ પેઈડ ઈન ઓકટોમ્બરથી કોઝન્ટ પે રોલ મોડયુલમાં જનરેટ પગાર બીલ, મોઘવારી તફાવત બીલ,એચઆરએ/સીએલએ/ટી.એ.ના તફાવત બીલ,બોનસ બીલ વિગેરે તમામ બીલોની પ્રિન્ટ કરી આચાર્યશ્રીની સહી/સિકકા સાથેની કોપી રેકર્ડ ઉપર રાખવાની રહેશે.ઉપરોકત તમામ બીલોમાં જો કોઈ રકમ વસુલાત પાત્ર હોય તો આચાર્યશ્રીએ અચૂક વસુલ કરી લેવાની રહેશે.

(૩) આચાર્યશ્રીએ ગત માસમાં વયનિવૃત થયેલ તમામ કર્મચારીને પરમેન્ટ કલોઝ કરી દેવાના રહેશે.

(૪) આચાર્યશ્રીએ ગત માસમાં અન્ય કોલેજમાં તબદીલ થયેલ કર્મચારીઓને સબંધિત કોલેજમાં ટ્રાન્સફર કરી દેવા.આવા કિસ્સાઓમાં જો કોઈ રકમ વસુલાત પાત્ર હોય તો આચાર્યશ્રીએ વસુલાતની વિગત એલ.પી.સી.માં દર્શાવવી અને અન્ય કોલેજે ચાલુ માસના પગારમાં આવી રકમ વસુલ કરી લેવાની રહેશે. જો કોઈ રકમ ચૂકવવા પાત્ર હોય તો આચાર્યશ્રીએ ઓનલાઈન પે એરીયર્સ બીલ બનાવી રજુ કરવાનું રહેશે.

(૫) હજુ કેટલીક કોલેજો દવારા(દા.ત.વસો કોલેજ) પાર્ટ ટાઈમ કર્મચારીઓનું વેતન બે કોલેજ ખાતે આકારવામાં આવે છે તો આવી કોલજના આચાર્યશ્રીઓએ ગમે તે એક જ કોલેજ ખાતે બંને કોલેજોના તાસનું વેતન આકારી એક જગ્યાએથી બંધ કરી દેવાનુ રહેશે.

(૬) હજુ કેટલીક કોલેજોના (દા.ત.કણસાગરા કોલેજ,રાજકોટ) કર્મચારીઓના જી.પી.એફ નંબર ડુપ્લીકેટ/ખોટા માલુમ પડેલ છે તેઓએ રેકર્ડ/વિગત ચકાસી સાચા જી.પી.એફ નંબરનો સુધારો અચૂક કરી દેવાનો રહેશે.

(૭) હજુ કેટલીક કોલેજો દવારા(દા.ત.ધ્રાગધ્રા કોલેજ) તેમના કર્મચારીઓના બેંક ખાતા નંબર ખોટા દર્શાવેલ છે તેઓએ ઓનલાઈન સુધારો કરી દેવો.

(૮) હજુ કેટલીક કોલેજોએ(દા.ત.એન એસ પટેલ આર્ટસ કોલેજ આણંદ અને એસટીટી કોલેજ વિસનગર)પોતાનું બેંક ખાતું અને તેમના કર્મચારીઓના બેંક ખાતા અલગ બેકના દર્શાવેલ છે તો આવી કોલેજોએ પોતાના બેક ખાતા સુધારવાના રહેશે.

(૯) નિવૃત/અવસાન કર્મચારીઓના રજા રોકડ રૂપાંતર બીલ કે અન્ય બાકી બીલના ચુકવણા માટે ચાલુ ફરજ દરમ્યાન જે કોલેજમાંથી પગાર મેળવતા હોય તે જ બેકનું ખાતુ રાખવું.(કોલેજનું જે બેકમાં ખાતુ હોય તે બેકમાં ખાતું ખોલાવવુ ઈચ્છનીય છે.

(૧૦) આ કચેરીના તા.૧૮/૧૦/૨૦૨૩ના પત્રની સૂચના પહેલાં જે કોલેજોએ નિયમિત/રેગ્યુલર કર્મચારીઓના આર.ટી.૧૨ મેન્યુઅલી બીલો આ કચેરીમાં રજુ કરી દિધેલ છે તેવી કોલેજોના મેન્યુઅલી આર.ટી.૧૨ બીલ અત્રેની કચેરી દવારા મંજુર/ના મંજુરની કાર્યવાહી પુર્ણ થયા બાદ જ સબંધિત કર્મચારીઓના બીલો કોઝન્ટ પે રોલ મોડયુલમાં ઓનલાઈન રજુ કરવાના રહેશે.

(૧૧) કોઝન્ટ પે રોલ મોડયુલમાં ચાલુ માસનું પગાર બીલ ઓનલાઈન જનરેટ કરીને પગાર બીલની હાર્ડકોપી મોડામાં મોડી તા.૨૯/૧૧/૨૦૨૩ સુધીમાં આ કચેરીમાં અચૂક જમા કરાવવાની રહેશે.

(૧૨) કોલેજોએ હવે પછી કોઝન્ટ પે રોલ મોડયુલમાં જે તે માસના પગાર બીલ ઓનલાઈન જનરેટ કરી પગાર આચાર્યશ્રીની સહી સાથેની પ્રિન્ટ કોપી મોડામાં મોડી દર મહિનાની ૧૫મી તારીખ સુધીમાં આ કચેરીમાં અચૂક જમા કરાવવાની રહેશે.

આપનો વિશ્વાસું

22/11/2023

નાયબ નિયામક(ડીપી)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ:–**

– શ્રેયાન અધિક્ષકશ્રી, ડી પી શાખા,સદર કચેરી.
– સબંધિત ઝોનના કર્મચારીશ્રીઓ, ઝોન–૯૧ થી ૯૪ ડી પી શાખા, સદર કચેરી.

**નકલ સવિનય રવાના જાણ સારૂ:–**

– માન.નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.